॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સોસીયલ મિડીયા

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૭ ● મહા વદ - ૭ ● તા. ૦૫-૦૩-૨૦૨૧ ● શુક્રવાર SDP NO: 321 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

અમદાવાદ, સુરત, વડોદરા, ગાંધીનગર રહેવા માટે શ્રેષ્ઠ

કેન્દ્રીય આવાસ અને શહેરી મામલાના મંત્રાલય દ્વારા દેશના ૧૦ લાખથી વધુ અને ૧૦ લાખથી ઓછી વસતિ વાળા ટોપ-૧૦ શહેરોની યાદી જાહેર : બેંગ્લુરું રહેવા માટે દેશમાં સૌથી શ્રેષ્ઠ શહેર : પૂણે બીજા, અમદાવાદ ત્રીજા અને સુરત પાંચમા સ્થાને : ૧૦ લાખથી ઓછી વસતિ વાળા શહેરોમાં ગાંધીનગર સાતમા ક્રમે

૧૦ લાખથી વધુ વસતિ વાળા શહેરોની યાદી

ક્રમ	શહેર	સ્કોર
1.	બેંગલુરૂ	૬૬.૭૦
2.	પૂણે	૬૬.૨૭
3.	અમદાવાદ	૬૪.૮૭
4.	ચેન્નાઈ	૬૨.૬૧
5.	સુરત	૬૧.૭૩
6.	નવી મુંબઈ	૬૧.૬૦
7.	કોઈમ્બતુર	૫૯.૭૨
8.	વડોદરા	૫૯.૨૪
9.	ઈન્દોર	૫૮.૫૮
10.	ગ્રેટર મુંબઈ	૫૮.૨૩

૧૦ લાખથી ઓછી વસતિ વાળા શહેરોનું રેકિંગ

ક્રમ	શહેર	સ્કોર
1.	સિમલા	૬૦.૯૦
2.	ભુવનેશ્વર	૫૯.૮૫
3.	સિલ્વાસા	૫૮.૪૩
4.	કાકિનાડા	૫૬.૮૪
5.	સેલમ	૫૬.૪૦
6.	વેલ્લોર	૫૬.૩૮
7.	ગાંધીનગર	૫૬.૨૫
8.	ગુરૂગ્રામ	૫૬.૦૦
9.	દેવનગેરે	૫૫.૨૫
10.	ત્રિચુરપલ્લી	૫૫.૨૪

સમાજે લીધેલી જમીન અંગેના વિકાસ બાબતે સકારાત્મક અભિગમ સાથે ચર્ચામાં ગૂંથાયેલા સમાજના ઉપપ્રમુખ શ્રી ગોપાલભાઈ ભાવાણી અને દામજીભાઇ વાસાણી સાથે મહામંત્રી શ્રી પુરૂષોતમભાઇ ભગત, મંત્રી શ્રી પ્રવિણભાઈ ધોળુ, ભુજ કન્યા વિદ્યાલય અને છાત્રાલયના કન્વીનર શ્રી પ્રો. કે. વી. પાટીદાર, સહ કન્વીનરશ્રી અમરતભાઇ અને શ્રી વિનોદભાઈ ભગત.

યુવાસંઘ ઓશન કાઉન્સિલ સ્નેહસેતુ સંવાદ

લોકડાઉનની અનેક ઉપલબ્ધી માં એક યુવાસંઘની રીફોર્મ થનાર ટોમને એક વર્ષ વધુ જવાબદારી પૂર્વક કાર્ય કરવાનો અવસર મળ્યો. જેમાં વિનિગ સિક્સ ૨૦૨૦ ના બદલે ૨૦૨૧ બન્યો. આ તક ને પરિણામ લક્ષી બનાવવાની ફરજ કાઉન્સિલમાં લિડર મા જેટલી ચૈતન્ય સફરુંતી ને ઉત્સાહ તેટલો વિનિગ સિક્સ રિજિયાનમાં પ્રભાવક.

આમ જ મિશન ૨૦૨૦ ને બદલે હવે ૨૦૨૧ કાર્યના છેલ્લા ચરણમાં ઓશન કાઉન્સિલના સેક્રેટરી સંગીતા નાકરાણી ની અને એજ પ્રમાણે આપણા કર્ણધાર કાઉન્સિલ ચેરમન મુકેશભાઈ કાલરિયાની Ocean કાઉન્સિલની ટીમ લઈને આવ્યા હતા ગિરિમાળા જેવા ઓશિયનસમુદ્ર - ની ઓર..

DMG ના કિનારાની લહેરો સાથે, MUR ની હવા અને કળસુબાઈ પર્વતના ઊંચા ધ્વજની ફડફડાટ, MMRના ખાનદેશના સ્વાદની મહેક, CSR ના આંગણે સહ્યાદ્રિ પર્વતની ભુજાઓમાં નિસર્ગ રમ્ય સ્થળ M. T. D. C. કાર્લા રીસોર્ટ લોનાવાલા (મહારાષ્ટ્ર) મુકામે, મિશન ૨૦૨૦ ના કાર્યોના સંગમથી સામાજિક કાર્યોને ગતિશીલતા આપવા માટે Ocean કી લહેર નઈ દિશા કી ઓર ના ભાગીદાર રુપે સાથી મિત્રો, રિજીયન ચેરમન અને મહામંત્રી, કાઉન્સિલ કારોબારી સભ્યો લક્ષ્મીનારાયણ સ્વરુપે ઉપસ્થિત હતા.

જે ઓશન સ્નેહસેતુ નું આયોજન તારીખ ૨૮/૨/૨૦૨૧ અને ૧/૩/ ૨૦૨૧ ના કરવામાં આવેલ હતું. પહેલા દિવસે આવેલા હોદદારો લક્ષ્મીનારાયણ સ્વરુપે ખૂબ સરસ પરિચય અને મનોરંજનનો લાવો લીધો. તેની સાથે આગામી મિટીંગની ચર્ચા વિચારણા કરવામાં આવી. બીજા દિવસે સવારે કાઉન્સિલ ચેરમન અને મંત્રીશ્રી તેમજ ચારેય રીજયન ચેરમેનના વરદ હસ્તે દીપ પ્રગટ કરીને સહુનું શબ્દ રૂપે સ્વાગત કરવામાં આવ્યું. ત્યાર બાદ મંત્રીશ્રી સંગીતાબેન દ્વારા મિટિંગની પ્રસ્તાવના કરવામાં આવી. તેની સાથે ચારે રીજીયન ચેરમેનશ્રી દ્વારા ગત ૧૪ માસ એટલે કે કોરોનાકાળ દરમ્યાન રીજયનની ગતિવિધી તેમજ આગામી ૬ માસ દરમ્યાન થનાર કાર્યક્રમનો અહેવાલ લેવામાં આવ્યો. અહેવાલ આપતા મુંબઈ રિજીયનના ચેરમન અશોક અમૃતિયા દ્વારા કરેલા કાર્યક્રમ જેમ કે લોકડાઉનના સમયમાં સમાજ જનોને રીજયનની ટીમ જે મદદરુપ થઈ હતી તે આપી તે દરમિયાન જે યુવાસંગ દ્વારા ક્વિજ સ્પર્ધા ચાલતી હતી તેમાં ખૂબ સરસ ભાગ લીધો, YSK સભ્યો બનાવ્યા અને રમત ગમતનું આયોજન કર્યું. તેમની સાથે સ્ઈ રિજીયન ચેરમન કિશોર હળપાણી દ્વારા કરેલા કાર્યોના અહવાલ આપતા જે હિંમતનગરમાં સ્પર્ધા યોજવામાં આવી. તેનામાં તેમની ટીમ વિજેતા થઈ તેની જાણકારી આપી અને જે આગામી વર્ષમાં કાર્ય કરવા છે તેની માહેતી આપી. તેના પછી પહેલા નંબરમાં હમેશા આવવું અને રિજીયનને ઓશન કાઉન્સિલને પણ આગળ કરતું રિજીયન અટલે DMG રિજીયનના ચેરમેન દિનેશભાઈ રુડાણી દ્વારા વર્ષમાં કરેલા કાર્યની માહિતી આપી. જેમ કે પંચામૃતને ક્વીઝ સ્પર્ધામાં ૪ રિજીયનમાં એમની રીજયન ટીમ હંમેશા પ્રથમ નંબરમાં આવીને રમત ગમત જેવી સ્પર્ધા. લોકડાઉન સમય કરેલી લોકોને મદદને સેવાને સમાજની અંદર blood donation નું કાર્ય વસ્તી ગણત્રીનું કાર્ય ખૂબ સરસ કરી કરાવીને હમેશા પ્રથમ કાર્ય કરે છે. એની સાથે જે હજી કાર્ય કર્યા છે ને કરવા છે એનો અહેવાલ આપ્યો હતો.

DMG ના ચેરમેન દિનેશભાઈએ એના ભાઈ મિત્રો જેમ કે MUR. MMR. CSR.ને પ્રેરણા આપી કે કેવી રીતે આપને કામ કરવાનું ને આપણું રિજીયન પેહલા નંબરમાં લઈ આવું એની માહિતી ખૂબ સરસ રીતે દિનેશભાઈ દ્વારા આપી.

ત્યાર બાદ યજમાન રીજયન ચેરમેન પ્રદીપભાઈએ યુવાસંગની ૧૩ સમિતિના કાર્યોની તેમજ આગામી સમયમાં કાઉન્સિલ લેવલની રમત ગમતની યજમાની કરીશું તેમ જાહેરાત કરી હતી તેમજ ઓશન કાઉન્સિલની સ્નેહ સેતુ મીટીંગના આયોજનની યજમાની અમારા પર સોંપવામાં આવી. તે માટે ૪ રીજયનોનો આભાર વ્યક્ત કર્યો હતો .

લોકડાઉન સમય દ્વારા થયેલા પંચામૃત અને ક્વીજ સ્પર્ધા વિજેતામાં જે council frist number માં આવેલ હતું તેને number પ્રમાણે રિજીયનને પુરસ્કાર આપીને સન્માન કરવામાં આવ્યું અને તેની સાથે યુવાસંગ દ્વારા kkp mart ની વિશેષ માહિતી હિતેશભાઈ પોકાર બિઝનેસ સેલ લીડર દ્વારા આપવામાં આવી હતી. આવેલા હોદદારોનું સન્માન કરવામાં આવ્યું. ત્યાર બાદ ઓપન મંચ રાખવામાં આવેલ હતો. કાઉન્સિલ ચેરમેનશ્રી મુકેશભાઈ કાલરિયા દ્વારા માર્ગદર્શન કરવામાં આવ્યું અને મિશન ૨૦૨૦ ને લાગતા કાર્યની ગતિશીલતા કેવી રીતે આગળ વધારવી તેની ચર્ચા વિચારણા કરવામાં આવી. ખાસ YSK ના અભિયાન ને જણ જણ સુધી ની અસરકારક્ત આપવા ને તમામ યુવાસંઘ કેન્દ્રીય અને રિજયન ટીમ લીડર હોદ્દેદાર કોઈપણ યુવા સુરક્ષા કાજે પોતાના રિજીયન ના યુવા અને મહિલા મંડળમાં પેજ YSK યોજના જેમ ભાજપા પેજ પ્રમુખ બનાવે તેમ માઈક્રો સિસ્ટમ થકી વ્યાપક બનાવે એવો અનુરોધ કરેલ.

આભાર વિધિ દ્વારા બાદ બે દિવસના કાર્યક્રમની પૂર્ણાહતી કરવામાં આવી.

કાર્ય Hum se ...
કરેગે ❤ દિલ સે ...

રીના અનીલ પોકાર
CSR રિજીયન સેન્ટ્રલ કેબિનેટ મેમ્બર
ઓશન કાઉન્સિલ પ્રવક્તા
૨૦૧૮-૨૧
જય મિશન જય યુવાસં

DMG રિજીયન આયોજિત મનાલી ટ્રેકિંક કેમ્પ જતા યુવાઓ ને શુભેચ્છાઓ આપવામાં આવેલ.

શ્રી કોલ્હાપુર પાટીદાર સમાજ, શ્રી કોલ્હાપૂર પાટીદાર સનાતન યુવક મંડળ કોલ્હાપુર, DMG રિજીયન આયોજિત **મનાલી ટ્રેકિંક કેમ્પ** જતા યુવાઓ ને પાટીદાર ભવન ટીમ્બર માર્કેટ કોલ્હાપુર ખાતે પ્રસ્થાન કરતી બસ નું પૂજન કરી શુભેચ્છાઓ આપવામાં આવેલ.

ટિમ યુવા ઉત્કર્ષ,
DMG Kpsymk 2018-21

શુભેચ્છાઓ આપવા **પ્રમુખ ઉપસ્થિતિ**
યુવક મંડળ પ્રમુખ હરેશભાઈ માકાણી
શ્રી સમાજ મહા મંત્રી ડાહ્યાભાઈ ગોરાણી
DMG IPP પ્રવીણભાઈ વેલાણી
પર્યટક ગૌતમ નાકરાની તેમજ સ્થાનિક યુવક મંડળ ના કારોબારી સભ્યો ઉપસ્થિત હતા.

■

આજની ચિંતનકણિકા

શિક્ષણધર્મ....(૬)

ભારતનો માનવ જો ધર્મ અને સંપ્રદાયનું સ્વરૂપ બરાબર ઓળખી લે તો સંભવ છે કે ધર્મની ધાર્મિકતા અને સંપ્રદાયની સાંપ્રદાયિકતા ધર્મને પામવાનું સબળ સાધન બને. બંને એકબીજાના પૂરક બની રહે એના જેવું ઉત્તમ કંઈ નહીં અને સંપ્રદાયને જ ધર્મ માની લેવો એના જેવું નબળું કંઈ નહીં.

આવી વૈચારિક સ્પષ્ટતા અને આવા વ્યાવહારિક અનુસરણ દ્વારા જ ભારતને વિવિધતામાં એકતાનો સાક્ષાત્કાર થઈ શકે.

સંપ્રદાયને નબળાઈ બની જવા દેવાને બદલે એને ધર્મપ્રાપ્તિનું સબળ સાધન બનાવવું એ જ શ્રેયસ્કર છે. પણ આવું ત્યારે જ બને જ્યારે ધર્મ અને સંપ્રદાય બંને વિભાવનાઓ નાનપણથી જ આપણા વિદ્યાર્થીઓના મનમાં સ્પષ્ટ થાય...અને, સંપ્રદાયની સાચી સમજણમાંથી જ સાપ્રદાયિકતાના સ્થાને સાચી બિનસાંપ્રદાયિકતા પ્રગટે. સહિષ્ણુતા અને સહજીવનનો આધાર આવી સમજ બની શકે.

આવી સ્થિતિ નિર્માણ થાય તો ધર્મ અને સંપ્રદાય અંગેનો સંઘર્ષ પણ ઘટે.

(ક્રમશઃ)

મિશન અભિમન્યુ
શ્રી ઉમા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ
SUV International School.

-: અવસાન નોંધ :-

તા. ૦૩-૦૩-૨૦૨૧ બુધવાર

સ્વ. માતાશ્રી લીલાબેન રતનશી હળપાણી, ઉમર : ૮૨ વર્ષ,
કચ્છ માં ગામ : વિથોણ, હાલે : પનાગઢ ,પશ્ચિમ બંગાળ.

સ્વ. ઉમંગ અશોકભાઈ તુલશીભાઈ છાભૈયા, ઉમર : ૧૯ વર્ષ,
કચ્છ માં ગામ : દેવીસર, હાલે : રામસીકંપા, તા. બાયડ, જી. અરવલ્લી.

તા. ૦૪-૦૩-૨૦૨૧ ગુરૂવાર

સ્વ. કરશનભાઈ શીવજીભાઈ ભાવાણી, ઉમર : ૬૮ વર્ષ,
કચ્છ માં ગામ : મથલ, હાલે : આળેફાટા (મહારાષ્ટ્ર).

સ્વ. મુળજીભાઈ લાલજીભાઈ સેઘાણી, ઉમર ૭૩ વર્ષ,
કચ્છ માં ગામ : ઘડુલી, હાલે : પ્રાતીજ (ગુજરાત).

સ્વ. અરજણભાઈ લક્ષ્મણભાઈ રૂડાણી, ઉમરઃ ૮૫ વર્ષ,
હાલે : ઉમિયા ફાર્મ (દહેગામ).

નવસારી માં ૦૫ માર્ચ ના રોજ ૫૦૦ બેડ ની આધુનિક કેન્સર હોસ્પિટલ નું લોકાપર્ણ ઉપરાષ્ટ્રપતિ વૈંકયા નાયડુ દ્વારા કરવામાં આવશે..



ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ. વૈંકયા નાયડુ ૦૫ માર્ચના રોજ નવસારીમાં નિરાલી મલ્ટીસ્પેશિયાલિસ્ટ હોસ્પીટલનું શિલાન્યાસ કરશે. આ હોસ્પિટલે આઠ એકરમાં એમ. કે. નાયક હેલ્થ કોમ્પ્લેક્ષના છ માળમાં ૫૦૦ બેડની ક્ષમતા ધરાવતી નિરાલી કેન્સર હૉસ્પિટલ દક્ષિણ ગુજરાત માટે આશીર્વાદરૂપ બનશે. નવસારી જિલ્લાને એક અદ્યતન નિરાલી કેન્સર હોસ્પિટલની સેવો શરૂ થનાર છે. દક્ષિણ ગુજરાતમાં એક સરવે મુજબ કેન્સરના દર્દીમાં વધારો થતો જોવા મળે છે. કેન્સરની સારવાર માટે અહીના દર્દીઓએ અમદવાદ કે ગોરજ (વાઘોડીયા) કેલાશ કેન્સર હોસ્પિટલમાં જવું પડતું હતું. જ્યાં રાહતદરે સારવાર મળે છે. આ હૌસ્પિટલમાં પણ રાહતદરે સારવાર ઉપલબ્ધ બનશે. અને આ હસ્પિટલનું લોકાર્પણ ઉપરાષ્ટ્રપતિ વકયા નાયડુના વરદ હસ્તે કરવામાં આવશે, નવસારી જી. આઈ. ડી. સી. ની સામે નેશનલ હાઈવે નંબર ૦૮ ને અડીને અદ્યતન એવી સ્પેશ્યાલિટી નિરાલી કેન્સર હોસ્પિટલનું નિર્માણ કરવામાંઆવ્યું છે, આ હોસ્પિટલમાં કેન્સર સામેની લડાઈમાં સમાજના જરૂરિયાતમંદ વનસાથ સહકાર આપવાનો છે. આ હોસ્પિટલૂમાં જનરલ મેડીસીન, જનરલ સર્જરી, કાડીયોલોજી અને કાઠીયો થોરાસિક સર્જરી, નીઓનેરીલોજી સહિત પીડિયાટિકસ, ઓર્લેટિકસ અને ગાયનોફોલોજી, ઓથોપેડીક સારવાર સાથે કેન્સરનાં દદીઓની સારવાર ફરવા હાઈ ઈન લિનિયર એકસરેરા, હિસ્ટપેથોલોજી, બાયોકેમેસ્ટ્રી, યુ.એસ.જી., ડિજિટલ એકસરે અને મેમોગ્રાફીથી લઈને સીટી સીમ્યુલર્સ, હોકીથેરપી ઓ.પી.ડી. તેમ જ અદ્યતને ઓપરેશન થિયેટર સુધીની સેવા પ્રદાન કરવા સજ્જ છે. ૦૬ માળની આ હોસ્પિટલમાં ૫૦૦ બેડની સુવિધા છે. આ ઉપરાંત આ હોસ્પિટલમાં રેડિયોથેરાપી, કીમો થેરાપી, પેટ ઑન અને કેન્સરના ઓપરેશનની સુવિધા ઉપલબ્ધ બનશે. રેડિયોથેરાપીના બે મશીન જે એકદમ આધુનિક છે, જેમાં દર્દીને ઓછામાં ઓછી આડઅસર થશે અને બે મશીનને લઈને વધુ દર્દીને લાભ મળશે. ઉપરાંત ડાયાલિસિસની સુવિધા પણ હશે. અહી ડાયાલિસિસના મશીન હોય જ પણ, એક સિદ્ધિ ગણાશે નવસારીમાં અદ્યતન નિરાલી કેન્સર હોસ્પિટલનું લોકાર્પણ તારીખ ૦૫ માર્ચના રોજ બપોરે ઉપરાષ્ટ્રપતિ વૈંકયા નાયડુનો વરંદ હસ્તે કરવામાં આવશે .

●